# ભારતમાં આતંકવાદી હુમલાની દહેશત

## નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડીજી દ્વારા ચેતવણી જારી કરાઈ

માનેસર,તા. ૧૬

ડિરેક્ટર જનરલ ઓફ નેશનલ સિક્યુરિટી ગાર્ડ જયંત ચૌધરીએ આજે ચેતવણી આપતા કહ્યું હતું કે, અલકાયદા અને આઈએસઆઈએસ દ્વારા સંયુક્તરીતે ભારતીય શહેરોને ટાર્ગેટ બનાવવામાં આવી શકે છે. એનએસજીના ૩૦માં સ્થાપના દિવસની ઉજવણી કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ચૌધરીએ કહ્યું હતું કે, અલકાયદા દ્વારા ભારત ઉપર હુમલા કરવાના ઈરાદા જાહેર કરવામાં આવી ચુક્યા છે. આવી સ્થિતિમાં લશ્કરે તોઈબા, આઈએસઆઈએસ અને ઈન્ડિયન મુઝાહિદ્દીન જેવા ખતરનાક આતંકવાદી સંગઠનો સાથે મળીને ભીષણ હુમલાને અંજામ આપી શકે છે. તેમણે કહ્યું હતું કે, જો તેઓ સંયુક્ત ઓપરેશન હાથ ધરશે તો ચોક્કસપણે પડકારરુપ સ્થિતિ ઉભી થઈ શકે છે. અમે પણ મલ્ટીપલ આતંકવાદીહુમલા અને મલ્ટીસિટી હુમલાને નિષ્ફળ બનાવવા તૈયાર છીએ. ગોવા, બેંગ્લોર અને અમૃતસર જેવા ટ્યુરિસ્ટ હબ આતંકવાદીઓના હિટ લિસ્ટમાં છે. ચૌધરીએ કહ્યું હતું કે, આતંકવાદ હવે વધુ ખતરનાક સ્વરુપમાં છે. ૨૬-૧૧ મુંબઈમાં જે આતંકવાદી હુમલો થયો હતો તેના કરતા પણ વધુ ખતરનાક હુમલો થઈ શકે છે પરંતુ એનએસજી આવા હુમલાઓને નિષ્ફળ બનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. જે કંઈપણ જરૂર હશે તેવા પગલા લેઈને જવાબ આપવામાં આવશે.


એનએસજીના ડીજીની ભારતમાં ચેતવણી એવા સમયે આવી છે જ્યારે દિવાળી પર્વની શરૂઆત થવા જઈ રહી છે. તહેવારની સિઝન દરમિયાન ભારતને ટાર્ગેટ બનાવવા અલકાયદા દ્વારા યોજના બનાવવામાં આવી છે તેવી વાત ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા પણ આપવામાં આવી છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓ મુજબ અલકાયદા પ્રતિબંધિત સંસ્થા સિમી સાથે મળીને કાર્યવાહી કરવા ઈચ્છુક છે. ભારતમાં તેના કુખ્યાત કાવતરા રહેલા છે. ઈન્ડિયન મુઝાહિદ્દીનની તાકાત ઘટી ગઈ છે ત્યારે અલકાયદા નવા સ્વરુપ સાથે આવેલા સિમીની મદદથી હુમલા કરી શકે છે. સિમી પાન ઈન્ડિયા નેટવર્ક ધરાવે છે. બર્ધવાન અને બિજનૌર બોમ્બિંગમાં તપાસ કરવામાં આવતા તપાસકારોને નવી સાંઠગાંઠના પુરાવા મળ્યા છે. અલકાયદાના લીડર જવાહરીએ ચોથી સપ્ટેમ્બરના દિવસે વિડિયો જારી કરીને ભારતમાં આતંકવાદી પાંખ શરૂ કરવાની જાહેરાત કરી



## ભારતને હવે કોઈ ચેતવણી આપી શકે તેમ નથી : રાજનાથસિંહ

નવીદિલ્હી,તા. ૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ચીન સહિત કોઈપણ દેશ ભારતને ચેતવણી આપી શકે નહીં. ચીને સરહદ ઉપર ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા માર્ગ નિર્માણના કામ અંગે વાંધો ઉઠાવ્યાના એક દિવસ બાદ રાજનાથસિંહે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. દિલ્હીના પરા વિસ્તારમાં માનેસર ખાતે નેશનલ સિક્યુરિટી ગાર્ડની ૩૦મી સ્થાપના દિવસની ઉજવણીના ભાગરુપે રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારતને હવે કોઈપણ દેશ ચેતવણી આપી શકે તેવી સ્થિતિમાં નથી. ભારત હવે શક્તિશાળી દેશ બની ચુક્યો છે. જ્યાં સુધી ચીનની વાત છે ત્યાં સુધી બંને દેશો વિવાદોને ઉકેલી શકે છે. બુધવારના દિવસે ચીને કહ્યું હતું કે, વિવાદાસ્પદ સરહદી વિસ્તારોમાં પરિસ્થિતિને જટિલ બનાવે તેવા પગલા ભારતે લેવા જોઈએ નહીં.




ભારતના ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ હાલમાં જ કહ્યું હતું કે, ભારત આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ૨૦૦૦ કિમી લાંબી સરહદ બનાવવાની યોજના ધરાવે છે. તિબેટ પ્રદેશમાં ચીન પાંચ વિમાની મથક ધરાવે છે. મોદી સરકાર ભારત-ચીન સરહદ ઉપર સ્થિતિ હળવી કરવા માંગે છે. ભારત પણ તેની સ્થિતિને મજબૂત કરવા ઉત્સુક છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચીનના વધતા પ્રભુત્વને ધ્યાનમાં લઈને ભારતે પણ આંતરરાષ્ટ્રીય સરહદે ખાસ રોડ તૈયાર કરવાની યોજના બનાવી લીધી છે. અરૂણાચલપ્રદેશના તાવાંગ જિલ્લામાં માગો-થિન્ગુબુખથી લઈને ચાંગલાંગ જિલ્લામાં વિજયનગર સુધી આંતરરાષ્ટ્રીય સરહદ પર રોડ બનાવવા હિલચાલ હાથ ધરાઈ છે. આ રોડ લેન્ડ લોકડ રાજ્યના સરહદી વિસ્તારોને જોડશે. ચીનના પ્રભુત્વને રોકવામાં પણ આના કારણે મદદ મળશે. સરહદી વિસ્તારમાં વધારે ઈન્ફ્રાસ્ટક્ચર સ્થાપિત કરવાની જરૂરીયાત ઉભી થઈ છે. ભારતીય જવાનોને આને કારણે ફાયદો થશે. રાજનાથસિંહના આજના નિવેદન બાદ ભારત અને ચીન વચ્ચે આક્ષેપબાજીનો દોર આગળ વધે તેવી શક્યતા છે. હાલમાં જ ચીને અનેક વખત ભારતીય પ્રદેશમાં ઘુસણખોરી કરી છે જેના લીધે તંગદિલી સર્જાઈ છે.

## ડિઝલની કિંમતમાં ૩.૫૬ના ઘટાડાનો તખ્તો તૈયાર કરાયો

નવીદિલ્હી,તા. ૧૬

ડિઝલની કિંતમમાં તીવ્ર ઘટાડો કરવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. આંતરરાષ્ટરીય તેલ કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થતાં ડિઝલની કિંમતમાં ૩.૫૬ રૂપિયાનો ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. ભારતના સૌથી વધુ વપરાતા ફ્યુઅલની કિંમતમાં ઘટાડો થવા માટે કેટલાક કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. હાલમાં ડિઝલના વેચાણ ઉપર ઓવર રિકવરી અથવા તો પ્રોફિટની સ્થિતિ રહી છે. ક્રૂડની કિંમત ચાર વર્ષની નીચી સપાટીએ પહોંચી ગઈ છે. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં રાહત થઈ છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ડિઝલ ઉપર હવે નફો થઈ રહ્યો છે.



ફ્યુઅલ્સ રિટેલર્સ સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં ડિઝલ ઉપર નફો કરતા થઈ ગયા હતા. આમા ૩૫ પૈસાની ઓવર રિકવરી થઈ હતી. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ઓવર રિકવરીનો આંકડો વધીને ૧.૯૦ થઈ ગયો હતો અને આ વધીને ૩.૫૬ રૂપિયા પ્રતિ લીટર થયો છે. પેટ્રોલની કિંમતમાં હાલમાં જ ઘટાડો કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં ડિઝલ ઉપર ઘટાડાને લઈને હિલચાલ ચાલી રહી છે. મોદી સરકાર દિવાળી પહેલા લોકોને રાહત આપવા વિચારી રહી છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને ડિઝલની કિંમતમાં ઘટાડો તથા અન્ય ચીજવસ્તુઓમાં પણ રાહત મળી શકે છે. ઘટાડો ક્યારે કરવામાં આવશે તેને લઈને સસ્પેન્સની સ્થિતિ છે પરંતુ મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી માટે આચારસંહિતા ઉઠી ગયા બાદ રવિવાર પછી તરત જાહેરાત થાય તેવી પણ સંભાવના છે.

## બજાર કડડભુસ : સેંસેક્સમાં ફરી ૩૫૦ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૧૬

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ બે મહિનાની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. સેંસેક્સે ફરી એકવાર ૨૬૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. શેરબજારમાં તીવ્ર મંદી માટે અનેક કારણો જવાબદાર રહ્યા હતા. આરઆઈએલ, એચડીએફસી અને એમ એન્ડ એમ તેમજ ઈન્ફોસિસના શેરમાં દિવસ દરમિયાન સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૩૫૦ પોઈન્ટ ઘટીને ૨૫૯૯૯ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૧૬ પોઈન્ટ ઘટીને ૭૭૪૮ની સપાટીએ રહ્યો હતો. ઉથલપાથલ માટે વિવિધ કારણો જવાબદાર રહ્યા હતા. ફોરેન ફંડ દ્વારા મંગળવારના દિવસે ૬૯૫ કરોડની કિંમતના ઈક્વિટીનું વેચાણ કર્યું હતું. અગાઉ દિવસ દરમિયાન મંદી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. જો કે, એશિયન બજારમાં નબળાઈની અસર મોડેથી દૂર થઈ હતી. કારણ કે એક્ઝિટ પોલના તારણમાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું હતું કે, ભાજપ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા આક્રમક પ્રચારના લીધે આ સ્થિતિ સર્જાશે. ભારે ઉથલપાથલનો દોર આજે જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપમાં ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં સ્થિરતાના સંકેત દેખાયા હતા. એશિયન બજારની સાથે સાથે શેર અને સેક્ટરમાં પણ મંદી રહી હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ આજે મંદી સાથે બંધ રહ્યા હતા. એફએમસીજીમાં સૌથી વધુ ૦.૦૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓટો, કન્ઝ્યુમર, કેપિટલ ગુડ્ઝ, મેટલ અને પાવર ઈન્ડેક્સમાં ૨-૪ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. એલ એન્ડ ટી, ક્રોમ્પ્ટન, ભેલમાં ૧-૮ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો જેથી કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સ સૌથી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. મેટલના શેરમાં પણ ચિંતા રહી હતી. વૈશ્વિક બજારમાં મેટલની માંગ ઘટી રહી છે. હિન્ડાલ્કો, સેસા, જિંદાલ સ્ટીલ, તાતા સ્ટીલમાં ૩.૫-૫.૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આઈટીના શેરની વાત કરવામાં આવે તો ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રોમાં ૦.૮-૧.૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. કારોબાર દરમિયાન ૨૧૭૩માં મંદી અને ૭૫૬ શેરમાં તેજી રહી હતી.

## ઉત્તરપૂર્વના બે યુવાનો પર ગુડગાંવમાં હુમલો

ગુડગાવ, તા.૧૬

ઉત્તરપૂર્વના બે યુવાનો ઉપર આઠ લોકો દ્વારા ગુડગાવ નજીક સિકંદરપુરમાં હુમલો કરવામાં આવ્યા બાદ સનસનાટી મચી ગઈ છે. આની ગંભીર નોંધ લઈને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા હરિયાણા સરકાર પાસેથી અહેવાલની માંગ કરવામાં આવી છે. આ બનાવ બુધવારે રાત્રે બન્યો હતો. તે વખતે બે યુવાનો આયુગ અને અલાટો ઉપર હુમલા કરવામાં આવ્યા હતા. કેટલાક મુદ્દાને લઈને સિકંદરપુર ગામમાં હુમલો કરવામાં આવ્યો હતો. ઘાયલ થયેલા બંને યુવાનોને ગુડગાવની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ભોગ બનેલા લોકોના મેડિકલ નિવેદન લેવામાં આવી ચુક્યા છે. મેડિકલ રિપોર્ટના આધાર પર એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી છે. પોલીસ સમક્ષ વિધિવત ફરિયાદ હજુ સુધી કરવામાં આવી નથી. હુમલાખોરોની ઓળખ કરી શકાય નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, મણિપુરના ૨૪ વર્ષીય એન્જિનિયરિંગના વિદ્યાર્થી માઈકલ લામઝાથાંગ ગઈકાલે ઉપર હુમલો કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો.

## દિલ્હી-લખનૌ વચ્ચે ડબલ ડેકર ટ્રેન નવેમ્બરથી શરૂ

લખનૌ,તા. ૧૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે લખનૌ અને દિલ્હી વચ્ચે ડબલડેકર ટ્રેન નવેમ્બરના બીજા સપ્તાહથી શરૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગોનાઈઝેશનનું કહેવું છે કે, લખનૌ જંકશન અને આનંદવિહાર ટર્મિનલ વચ્ચે ટ્રેનને દોડાવવાના સંબંધમાં ફાઈનલ સેફટી ટ્રાયલની પ્રક્રિયા આવતીકાલે ૧૭મી ઓક્ટોબરે હાથ ધરવામાં આવશે ત્યારબાદ ૧૮મીએ પણ ફાઈનલ સેફટી ટ્રાયલ હાથ ધરવામાં આવશે. નોર્થ ઈસ્ટર્ન રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર અનુપ કુમારે માહિતી આપતા કહ્યું છે કે, આરડીએસઓ ૧૫ દિવસની અંદર અહેવાલ આપી દેશે. નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં જો આ ટ્રેન શરૂ કરી શકાશે નહીં તો આ ટ્રેન નવેમ્બરના બીજા સપ્તાહમાં ચોક્કસપણે ચાલુ થશે. આ ટ્રેન સપ્તાહમાં પાંચ દિવસની રહેશે અને લખનૌથી રવાના થશે. તેમણે કહ્યું હતું કે, આ ટ્રેન નોર્થ ઈસ્ટર્ન રેલવેથી દોડશે. લખનૌ જંકશન- આનંદવિહાર રુટ માટે મંજુરી આપી દેવામાં આવી છે. ગરીબ રથને ડબલ ડેકર માટેનો માર્ગ મોકળો કરવા એનઆરમાં સીફ્ટ કરી દેવામાં આવશે. આ ડબલ ડેકર ખુબ જ ઉપયોગી ટ્રેન રહેશે. ગોમતી એક્સપ્રેસથી ૧૫થી ૨૦ મિનિટ પહેલા આ ટ્રેન રવાના થશે. બ્રાન્ડ તરીકે આ ટ્રેનને દોડાવવામાં આવનાર છે. નોર્થન રેલવે દ્વારા ટ્રેનના રૂટની ચકાસણી કરી લેવામાં આવી છે. વાયા મોરાદાબાદ મારફતે આ ટ્રેન લખનૌથી દોડશે. આ ટ્રેન ગોમતીનગર સ્ટેશન ખાતે પણ રોકાશે. ચેન્નાઈ-બેંગ્લોર ડબલ ડેકર ટ્રેનને લઈને પણ લોકોમાં ઉત્સુકતા રહી છે. ડબલ ડેકર ટ્રેન નિયમિત ટ્રેન કરતા ઉંચી અને પહોળી રહે છે જેથી ધર્મોકોલ સીટ સ્થાપિત કરવામાં આવશે. ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે આ ટ્રેનને દોડાવવાની હિલચાલ ચાલી રહી છે. ૫૦૦ કિમી લખનૌ-દિલ્હી રુટ ઉપર આ ટ્રેનમાં ઘણા મહત્વના સ્ટેશન રહેશે. હૈદરાબાદ, મુંબઈ, અમદાવાદ, ચેન્નાઈ અને બેંગ્લોર માટે ડબલ ડેકર ટ્રેનના ટ્રાયલ રનની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી હતી.

## સચિન તેંડુલકરે વડાપ્રધાન મોદીની સાથે વાતચીત કરી

નવી દિલ્હી,તા. ૧૬

ભારતના મહાન ખેલાડી સચિન તેંડુલકરે આજે વડાપ્રધાન મોદી સાથે વાતચીત કરી હતી. નરેન્દ્ર મોદીને મળીને તેમની ઈચ્છા પણ સચિને વ્યક્ત કરી હતી.



બીજીબાજુ સચિને સ્વચ્છ ભારતની શાનદાર પહેલ બદલ વડાપ્રધાન સાથે વિવિધ મુદ્દા પર વાત કરી હતી. વડાપ્રધાને સચિનના યોગદાનની પ્રશંસા કરી હતી. ૪૧ વર્ષીય આઈકોનિક ક્રિકેટર એવા નવ લોકો પૈકીના એક તરીકે છે. જે લોકોને વડાપ્રધાન દ્વારા તેમના સ્વચ્છ ભારત અભિયાન માટે પસંદગી કરાઈ હતી. બીજી ઓક્ટોબરના દિવસે મહાત્મા ગાંધીની જન્મજયંતિએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. સચિન તેંડુલકરની સાથે તેમના પત્નિ અંજલી પણ હતા. સચિને વડાપ્રધાનને કહ્યું હતું કે, તે આ ઝુંબેશમાં ભાગ લેવા વધુ ૯ લોકોને આમંત્રણ આપીને ઝુંબેશને આગળ વધારશે. ભારત રત્નથી સન્માનિત સચિન તેંડુલકરે અન્ય ઘણા મુદ્દા પર પણ વાત કરી હતી. વડાપ્રધાન સાથે સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ એક ગામને દત્તક લેવાના વિચાર અંગે પણ વાત કરી હતી. ઉપરાંત રમત-ગમતના ક્ષેત્રમાં વિકાસના મુદ્દે વાત કરી હતી. સ્કુલ અને કોલેજોમાં રમત ગમતના વિકાસ પ્રત્યે વધુ યોગદાન આપવાની ઈચ્છા સચિને વ્યક્ત કરી હતી. ગયા સપ્તાહમાં જ મોદીએ સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવા બદલ સચિનને અભિનંદન આપ્યા હતા. મુંબઈમાં સચિન પોતાના મિત્રો અને અન્ય સાથે સ્વચ્છ ભારતમાં જોડાયા હતા. ભારત રત્ન સન્માનિત સચિને રમત ગમત સાથે જોડાયેલા અન્યોને પણ આમાં જોડાવવા અપીલ કરી હતી. મોદીએ સ્વચ્છ ભારતમાં જે નવ લોકોને આમંત્રણ આપ્યા હતા તેમાં સચિન ઉપરાંત સલમાન, પ્રિયંકા ચોપડા, કમલ હસન, ગોવાના રાજ્યપાલ મૃદુલાસિંહા, યોગગુરુ રામદેવ, ટીવી સીરીયલ તારક મહેતાની ટીમનો સમાવેશ થાય છે.

**સાત સેટેલાઈટની શ્રેણીમાં ત્રીજા ઉપગ્રહને લોન્ચ કરાતા ખુશી**

## આઈઆરએનએસએસ-૧સી સફળ રીતે લોન્ચ : ભારતની મોટી સિદ્ધી

શ્રીહરિકોટા,તા. ૧૬

અમેરિકાના ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ)ની જેમ રિજનલ નેવિગેશન સિસ્ટમ સ્થાપિત કરવાના હેતુથી મોકલવામાં આવનાર સાત સેટેલાઈટ શ્રેણીમાં ઈન્ડિયન રીજનલ નેવિગેશન સાટેલાઈટ સિસ્ટમ(આઈઆરએનએસએસ)ના ત્રીજા સેટેલાઈટ આઈઆરએનએસએસ-૧સીને સવારે સફળ રીતે લોંચ કરવામાં આવતા ખુશીનુ મોજુ ફરી વળ્યું હતુ. ઈસરોએ વધુ એક મોટી સફળતા મેળવી હતી. આજે વહેલી પરોઢે ૧.૩૨ વાગે શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી આને સફળ રીતે લોંચ કરવામાં આવતા ભારતે વધુ એક મોટી સિદ્ધી મેળવી લીધી હતી. ઈસરોના પીએસએલવી સી ૨૬ શ્રીહરિકોટાથી પોતાની ।સાથે નેવિગેશન સેટેલાઈટ આઈઆરએનએસએસ ૧સીને લઈને રવાના થતા ઉપસ્થિત વૈજ્ઞાનિકોમાં ખુશી જોવા મળી હતી. પીએસએલવી સી ૨૬ દ્વારા કુલ ૧૪૨૫ કિલોગ્રામ વજન ધરાવનાર સેટેલાઈને તેની નિર્ધારિત પરિભ્રમણ કક્ષામાં ગોઠવી દેવામામ સફળતા મેળવી હતી. ભારતના નેવિગેશન સાટેલાઈટ આઈઆરએનએસએસ-૧સીના લોંચ માટે કાઉન્ટ ડાઉન ૧૩મી ઓક્ટોબરના દિવસે શરૂ કરવામાં આવ્યું હતુ. શ્રીહરિકોટા ખાતે સવારે ૬.૩૨ વાગે મિશન માટે ૬૭ કલાકનુ કાઉન્ટ ડાઉન શરૂ થયું હતુ. આ શ્રેણીમાં સાત સેટાલાઈટ પૈકીના ત્રીજા માટે લોંચને લઈને ભારે ઉત્સુકતા પહેલાથી જ પ્રવર્તી રહી હતી. અગાઉ ૧૦મી ઓક્ટોબરના દિવસે લોંચની યોજના હતી પરંતુ ટેકનિકલ ખામીના કારણે આને મોકુફ રાખવાનો નિર્ણય કરાયો હતો. અમેરિકાના ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમની જેમ જ પ્રાદેશિક નેવિગેશનલ સિસ્ટમ સ્થાપિત કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે જેના ભાગરૂપે જ ઈસરો પણ ઈન્ડિયન રિજિઓનલ નેવિગેશનલ સેટેલાઈટ સિસ્ટમ (આઈઆરએનએસએસ)માં સ્થાપિત કરવા માટે સાત સેટેલાઈટ મોકલનાર છે. ઈસરોના વૈજ્ઞાનિકો ભારે આશાવાદી બનેલા હતા. આ સિરિઝમાં પ્રથમ બે સેટેલાઈટ આઈઆરએનએસએસ ૧એ અને આઈઆરએનએસએસ ૧બી પહેલાથી જ લોંચ કરવામાં આવી ચુક્યા છે. આ બન્ને સેટેલાઈટ ક્રમશ લોંચ કરવામાં આવ્યા હતા. પ્રથમ સેટેલાઈટ વર્ષ ૨૦૧૩માં અને બીજા સેટેલાઈટને આ વર્ષે ચોથી એપ્રિલના દિવસે લોંચ કરવામાં આવ્યા હતા. ઈસરોના અધિકારીએ કહ્યું છે કે ઈસરોના આઈઆરએનએસએસના ઓપરેશનનો શરૂ કરવા માટે સાત સેટેલાઈટ પૈકી ઓછામાં ઓછા ચાર સેટેલાઈટ લોંચ કરવાની જરૂર છે. ભારત દ્વારા વિકસિત કરવામાં આવેલા આમાં અતિ આધુનિક સાધનો રહેલા છે. આઈઆરએનએનએસ અમેરિકાના ગ્લોબલ પોજીસનીંગ સિસ્ટમ, રશિયાના ગ્લોનાસ અને યુરોપના ગેલીલેનોની જેમ જ છે. જાપાન અને ચીન પણ આવી જ વ્યવસ્થા ધરાવે છે.



ચેન્નાઈથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત શ્રીહરિકોટા ખાતે સતીશ ધવન સ્પેશ સેન્ટર ખાતેથી ભારતની પીએસએલવી -સી૨૬ની ૨૮મી ફલાઈટ મારફતે આ સેટેલાઈટને લોંચ કરી દેવાતા છેલ્લા કેટલાક દિવસથી ।ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો.

## ભગવત ગીતાના ૫૧૧૬ વર્ષ પૂર્ણ : ભવ્ય કાર્યક્રમો

નવી દિલ્હી,તા. ૧૬

ભગવત ગીતાના ૫૧૧૬ વર્ષ પરિપૂર્ણ થઈ ગયા છે. સાતમી ડિસેમ્બરના દિવસે આની જોરદાર ઉજવણી કરવામાં આવનાર છે. ૨થી ૬ ડિસેમ્બર દરમિયાન દેશભરમાં અનેક કાર્યક્રમ યોજાશે. ૭મી ડિસેમ્બરના દિવસે લાલ કિલ્લા ઉપર ધર્મના પ્રતિનિધિઓ પહોંચશે. આરએસએસ દ્વારા ગીતા જયંતિ ઉજવણી કરવા માટે છ દિવસ માટે કાર્યક્રમો બનાવી લીધા છે. દેશભરમાં કાર્યક્રમ યોજાશે. ૭મી ડિસેમ્બરે લાલ કિલ્લામાં ભવ્ય કાર્યક્રમ યોજાશે. જેમાં દેશ-વિદેશના દરેક ધર્મ દરેક જાતિના પ્રતિનિધિ ભાગ લેશે. વડાપ્રધાન મોદી સહિત ભાજપના અનેક મોટા નેતાઓને પણ આમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભગવત ગીતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિય પુસ્તક પૈકીના એક છે. મોદીએ પોતાના વિદેશ પ્રવાસ દરમિયાન પણ અને ભારત આવનાર પોતાના સમકક્ષોને પણ ભગવત ગીતાનુંપુસ્તક ભેંટ તરીકે આપ્યું છે. શિક્ષક દિવસના પ્રસંગે અનેક વિદ્યાર્થીઓને પણ પીએમ તરફથી ગીતા જ આપવામાં આવી હતી. આરએસએસના ઈન્દ્રેશકુમારે માહિતી આપતા કહ્યું છે કે, કળયુગના સમયમાં ગીતા લખવામાં તેમના જણાવ્યા મુજબ ગીતાના ૫૧૧૬ વર્ષ પુરા થઈ રહ્યા છે. તેમના કહેવા મુજબ કળી કેલેન્ડર મુજબ કળયુગમાં આ ૫૧૧૬માં વર્ષનો દોર ચાલી રહ્યો છે. ગીતા તેનાથી ૩૫ વર્ષ પહેલા લખવામાં આવેલ પુસ્તક છે. ભગવત ગીતાના ૫૧૫૧ વર્ષ પુરા થઈ રહ્યા છે. પ્રથમ વખત મહાકાય કાર્યક્રમના આયોજનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઈન્દ્રેશકુમાર એક સંસ્થાના વડા તરીકે પણ છે. બીજી ડિસેમ્બરના દિવસે ગીતા લખનાર વેદવ્યાસના ફોટા સાથે સ્ટેમ્પ જારી કરવામાં આવશે. આ સંદર્ભમાં માહિતી અને પ્રસારણ પ્રધાન સાથે વાતચીત થઈ રહી છે. મોદી, અબ્દુલકલામ, રાષ્ટ્રપતિ મુખર્જીને પણ આમંત્રણ આપવમાં આવનાર છે.

## સમાચાર ઝલક

- બેંગ્લોરમાં હવે પૂર્વ ભારતના વિદ્યાર્થીઓ પર હુમલા થયા.
- આશારામ બાપુના આરોગ્ય અંગે એમ્સની તબીબી ટીમ અહેવાલ સુપ્રીમને આપશે.
- બેંકના ખાતામાં રૂ. ૨૫૦૦૦ રાખશો તો એ.ટી.એમ.ના ચાર્જમાં ફાયદો.
- દર્દીઓ કનડતા હોવાથી ૩૮ દર્દીઓને નર્સે ઉત્તર ઈટલીના લુગો શહેરમાં નારી નાંખ્યા.
- વાપી હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં ત્રણનાં કમકમાટીભર્યા મોત.
- ઈન્ડિયન રેલવેનો બેસ્ટ વર્કશોપનો એવોર્ડ ભાવનગર રેલવેને પ્રાપ્ત થયો.
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામત રાખવાની વિચારણા.
- દુબઈના બુર્જ ખલિફા બિલ્ડીંગના નામે બીજો એક નવો વર્લ્ડ રેકોર્ડ
- આવનારા દિવસોમાં ઈબોલા તબાહી સર્જી શકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા.
- ધાર્મિક યંત્રનું ઈનામી ડ્રોથી ઓન લાઈન થતું વેચાણ એ જુગાર નથી-ગુજરાત હાઈકોર્ટ.
- ઈન્ડોનેશિયામાં ભયાનક જવાળામુખી ૪૦૦ વર્ષ બાદ સક્રિય થયો.
- એપલ અને ફેસબુકના મહિલા કર્મચારીઓને માતૃત્વ ન ધરાવે તે માટે ૧૨ લાખની ઓફર.
- ઈસરો હવે અંતરીક્ષમાં માનવને મોકલવાની તૈયારી કરી રહ્યું છે.
- મહારાષ્ટ્રમાં આવેડઘાટ મતદાન મથક પર ચાલુ મતદાને વીજળી ત્રાટકી ૮ ઘાયલ થયા.
- વિશ્વ હિન્દુ પરિષદનું ૨૦ ડીસેમ્બરે કોલકાતામાં વિરાટ હિન્દુ સંમેલન.
- તા. ૧૬મી ઓકટોબર વિશ્વ સ્પાઈન દિવસ ઉજવાયો. મણકાની તંદુરસ્તી માટે સંકલ્પ લીધા.